# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૦૦ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૩૯૧૭૭૭૭ | ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.com | Website : www.sgcci.com


---

રેફ નં. | તા: ૧૦–૦૮–૨૦૧૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજી.
લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બરમાં એક્ષ્પોર્ટ–ઈમ્પોર્ટ મેનેજમેન્ટ ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થીઓનો વિદાય તથા નવા બેચનો શુભારંભ સમારંભ યોજાયો

સુરત: ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપક્રમે ચેમ્બરમાં સંચાલિત ડિપ્લોમા ઈન એક્ષ્પોર્ટ એન્ડ લમ્પોર્ટ મેનૈજમેન્ટ કોર્સના નવમા બેચના વિદ્યાર્થીઓને વિદાય તથા દસમા બેચના વિદ્યાર્થીઓને આવકાર આપવા માટેનો સમારંભ યોજાયો હતો.આ કાર્યક્રમમાં મુખ્ય મહૈમાન તરીકે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ડો.બી.એ.પ્રજાપતી,અતિથિ વિશેષ તરીકે મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તથા ચેમ્બરના પૂર્વ પ્રમુખશ્રી રૂપિન પચ્ચીગર ખાસ ઉપસ્થિત રહયા હતા.

કાર્યક્રમના આરંભે ચેમ્બરના ઉપ પ્રમુખશ્રી રોહિત મહેતાએ મહેમાનોને તથા ઉપસ્થિત સર્વેને આવકાર આપ્યો હતો અને કહયું હતું કે,સુરતના બે મેખ્ય ઉદ્યોગો ટેક્ષ્ટાઈલ તથા ડાયમન્ડ માટે એક્ષ્પોર્ટ અને ઈમ્પોર્ટ ક્ષેત્રના નિષ્ણાતોની ખૂબ જરૂર છે ત્યારે ચેમ્બરના આ પ્રયાસને પણ ખૂબ સારો પ્રતિસાદ મળી રહયો છે.

દિપ પ્રાગટય બાદ ચેમ્બરની એકેડેમિક કમિટીના ચેરમેનશ્રી નરેન્દ્રભાઈ મહેતાએ કોર્સ વિશે માહિતી આપતાં કહયું હતું કે,છેલ્લા દસ વર્ષથી ચાલી રહેલા આ કોર્સમાં અત્યાર સુધીમાં ૪૫૦ વિદ્યાર્થીઓ

ડિપ્લોમા મેળવી ચૂકયા છે. આ ઉપરાંત ચેમ્બર ધ્વારા શરૂ કરાયેલા માર્કેટિંગ મેનેજમેન્ટના કોર્ષનો લાભ પણ ૧૦૦ વિદ્યાર્થીઓએ લીધો હતો. જે દર્શાવે છે કે, ચેમ્બરના પ્રયાસોને ખૂબ સારો પ્રતિસાદ સાંપડયો છે. આ કોર્ષ માટે સારા ફેકલ્ટી સભ્યો મળ્યા છે એટલે આ કોર્ષમાં સફળ થયેલા વિદ્યાર્થીઓ ધ્વારા સુરતના ઉદ્યોગોની જરૂરીયાત પુરી કરી શકાય છે.

અતિથિ શ્રી રૂપીનભાઈ પચ્ચીગરે દસ વર્ષથી શિક્ષણ પ્રવૃત્તિમાં સુંદર યોગદાન બદલ ચેમ્બરને અભિનંદન પાઠવ્યા હતા અને કહયુ હતું કે, આ કોર્ષને એરીતે ડીઝાઈન કરાયો છે કે, વ્યવહારૂરીતે ખૂબજ ઉપયોગી બની રહે. સફળ થયેલા વિદ્યાર્થીઓને જયારે આ કોર્ષ ખરેખર ઉપયોગી બનશે ત્યારે તેઓ પણ સાચા અર્થમાં અભિનંદન આપશે. તેમણે કહયું હતુ કે, બદલાતા જતા સમયની સાથે હવે શિક્ષણની મહત્તા વધી છે ત્યારે ભણતરની સાથે ગણતરનુ પણ મહત્વ એટલુજ રહયુ છે. તેમણે સફળ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા અને નવા જોડાયેલા વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવ્યા હતા.

મુખ્ય મહેમાન તથા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતી ડૉ. બી.એ. પ્રજાપતીએ કહયું હતુ કે, ચેમ્બર અમારી યુનિવર્સિટી વતી આ પ્રવૃત્તિ કરી રહી છે તે અભિનંદનને પાત્ર બાબત છે. તેમણે સફળ થયેલા વિદ્યાર્થીઓને આવનારા સમયમાં અપડેટ રહેવાની સલાહ આપતા કહયું હતુ કે, નજીકના ભવિષ્યમાં રૂપિયો જયારે પુર્ણ કન્વર્ટીબલ બનશે ત્યારે ઈમ્પોર્ટી એક્ષ્પોર્ટ માટેના નિયમોમાં પણ ફેરફાર આવશે અને ફોરેકસ મેનેજમેન્ટનુ એક નવુ ક્ષેત્ર ખૂલશે એટલે પરિવર્તન માટે તૈયારી રાખવી પડશે.

સફળ થયેલા વિદ્યાર્થીઓ પૈકી ચાર વિદ્યાર્થીઓએ પોતાના અનુભવો રજુ કર્યા હતા.

અંતમાં ગ્રુપ ચરેમન શ્રી પરેશભાઈ પટેલે આભારવિધી આટોપી હતી.